| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૦૯/૦૧/૨૦૨૪   મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૪૪/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૬ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી, ૫૫ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૦૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ , ૧ રિક્ષા અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૫૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૪૫/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ચોરીઃ-   સમાચાર યાદી નં.૪૬/૨૦૨૪

**રાણીપઃ** લાભુબહેન ગોવિંદભાઈ મકવાણા (ઉ.વ.૮૦) (રહે. વિભાગ-૩ નેમિનાથ સોસાયટી રાણીપ શાકમાર્કેટની બાજુમાં રાણીપ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૧/૨૦૨૪ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે રાણીપ એસ.બી.આઈ બેન્કની બહાર એક પુરૂષે લાભુબહેન મકવાણાના પર્સની ચેઈન ખુલ્લી છે તેમ કહી વાતોમાં વ્યસ્ત રાખી લાભુબહેન મકવાણાની નજર ચુકવી પર્સમાંથી રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.ઝાલા ચલાવે છે.

### અપમૃત્યુઃ-   સમાચાર યાદી નં.૪૭/૨૦૨૪

**સોલા હાઈકોર્ટઃ** ફેસ્ટીવલ ઓ-૨ નામની નવી બનતી સાઇટ ખાતે મજુરી કામ કરતા અને ત્યા જ રહેતા દેવનંદન સ/ઓ બૃહનદેવ ખાંડે (ઉ.વ.૩૬) (મુળ વતન. ગામ.નટાઇ કલા, તા.રૂધૌલી ખુર્દ, જી.બસ્તી, ઉત્તરપ્રદેશ) તા.૦૮/૦૧/૨૦૨૪ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે સાઈટના બીજા માળે પાઇપની ડકના ખુણા પાસે ઉભા રહી કામ કરતા હતા ત્યારે પગ લપસી જતા પાઇપના ડકમાંથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મિતેષસિંહ નટવરસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૪૮/૨૦૨૪**

**રિવરફ્રંટ વેસ્ટઃ** નલીનભાઇ રમણીકભાઇ જયસ્વાલ (ઉ.વ.૫૫) (રહે. રામજી મંદિર રોડ કુલવાડી જેતપુર રાજકોટ) એ બિમારીથી કંટાળી તા.૦૮/૦૧/૨૦૨૪ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા આંબેડકરબ્રીજ નજીક એરોડ્રોમ ઘાટ નંબર-૧૩ પાસે વોક-વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હરસુખભાઈ ગટુરભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી